# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/020 Dt. 27/06/2025

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## નવી દિલ્હી સ્થિત વિયેતનામ એમ્બેસી દ્વારા ભારત અને વિયેતનામ વચ્ચે દ્વિપક્ષીય વેપાર વધારવાના હેતુથી દેશના તમામ ચેમ્બર ઓફ કોમર્સની સાથે વિડિયો કોન્ફરન્સ યોજાઇ

### SGCCI દ્વારા દક્ષિણ ગુજરાત અને વિયેતનામના ઉદ્યોગકારોને એકબીજાની સાથે જોડવાનો પ્રયાસ કરાઇ રહયો છે, સપ્ટેમ્બર ૨૦૨૫માં ઉદ્યોગકારોના ડેલીગેશનને વિયેતનામ લઇ જશે

**સુરત.** નવી દિલ્હી સ્થિત વિયેતનામ એમ્બેસી દ્વારા બુધવાર, તા. ૨૫ જૂન ૨૦૨૫ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ભારતના બધા જ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની સાથે વિડિયો કોન્ફરન્સ યોજાઇ હતી, જેમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી અને SGCCI ગ્લોબલ કનેકટના સીઇઓ શ્રી પરેશ ભટ્ટ તથા ફિકકીના ડિરેકટર શ્રી અપૂર્વ ભટનાગર અને એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડકટ્સ એક્ષ્પોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (APEDA)ના સેક્રેટરી ડો. સુધાંશુ સહિત વિવિધ ચેમ્બર ઓફ કોમર્સના પદાધિકારીઓ જોડાયા હતા.

વિયેતનામની મિનિસ્ટ્રી ઓફ ઇન્ડસ્ટ્રી એન્ડ ટ્રેડના ઇન્ટરનેશનલ માર્કેટ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટના ડેપ્યુટી ડિરેકટર જનરલ મિસિસ ગ્યુએન થાઓ હીન અને વિયેતનામ એમ્બેસીના ટ્રેડ કોમર્સ મીસ્ટર બુઇ ટુન્ગ થોન્ગ દ્વારા વિયેનામ ખાતે નવેમ્બર ૨૦૨૫ દરમ્યાન આયોજિત 'વિયેતનામ સોર્સિંગ એક્ષ્પો' અંગે જાણકારી આપવામાં આવી હતી. બે દેશોના વચ્ચે દ્વિપક્ષીય વેપાર વધે તે હેતુથી આ એક્ષ્પોમાં એકઝીબીટ કરવા અને તેની વિઝીટ કરવા માટે તેઓએ ભારતના ચેમ્બર ઓફ કોમર્સના પદાધિકારીઓ તથા ઉદ્યોગ સાહસિકોને આમંત્રણ આપ્યું હતું.

ખાસ કરીને એગ્રીકલ્ચર એન્ડ ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે ભારત અને વિયેતનામ વચ્ચે વેપાર વધે તેમજ બંને દેશોના ઉદ્યોગ સાહસિકો પરસ્પર એકબીજાના ઉદ્યોગ – ધંધાઓમાં રોકાણ કરી શકે તે માટે વિયેતનામ એમ્બેસી દ્વારા પ્રયાસ કરવામાં આવી રહયો છે. ટુરીઝમ ક્ષેત્રે પણ એકબીજાને મદદ કરવાનો અનુરોધ વિયેતનામ એમ્બેસી દ્વારા કરવામાં આવ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્‌ ખજાનચી સીએ મિતિષ મોદી અને SGCCI ગ્લોબલ કનેકટના સીઇઓ શ્રી પરેશ ભટ્ટ દ્વારા વિયેતનામ એમ્બેસીને જણાવવામાં આવ્યું હતું કે, ભારતમાં ગુજરાતના દક્ષિણ ગુજરાતમાં એગ્રીકલ્ચર અને ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે ઘણો વિકાસ થયો છે, આથી ચેમ્બર દ્વારા સપ્ટેમ્બર ૨૦૨૫માં સુરતના ઉદ્યોગકારોના પ્રતિનિધિ મંડળને વિયેતનામ લઇ જવામાં આવશે.

આ ઉપરાંત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા દક્ષિણ ગુજરાત અને વિયેતનામના જુદા જુદા સેગમેન્ટના ઉદ્યોગકારોને એકબીજાની સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે અને એના માટે સમજૂતિ કરાર કરવાની દિશામાં પણ ચેમ્બર આગળ વધવા તૈયાર છે તેમ વિયેતનામ એમ્બેસીને વધુમાં જણાવવામાં આવ્યું હતું.